સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સરકાર ને બેદરકારી માટે કોર્ટ પૂછશે,
આવી બેજવાબદારી માટે હાઈકોર્ટ પૂછશે,
પૂછશે સુપ્રીમ પણ, નિષ્ફળ આયોજન માટે -
લાખોની નિર્મમ હત્યા માટે પ્રભુ પણ પૂછશે
(અમે (સરકાર જેમ) મૂકપ્રેક્ષક બની બેસી નહીં રહીએ - કોર્ટ)

હાઈકુ

વિશ્વ આખામાં
છવાઈ જવું હતું -
વગોવાઈ ગ્યા!!
(વહોરી બદનામી)

કપાઈ પૂંછ
પાળેલાં કૂતરાંની -
- ચૂંટણીપંચ
(હવે પૂંછ કેમ પટપટાવશે?)

ચિંતન

આલસ્યં હિ મનુષ્યાણાં શરીરસ્થો મહારિપુઃ ।
નાસ્ત્યુદ્યમ સમો બન્ધુઃ કૃત્વાર્યં નાવસીદતિ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્યનો સૌથી મોટો શત્રુ આળસ છે શત્રુઓ બે પ્રકારના છે એક : આંતરિક અને બે : બાહ્ય, આંતરિક શત્રુઓમાં પણ કેટલાક આવેગગત હોય છે અને કેટલાક સ્વભાવગત કામ-ક્રોધ વગેરે શત્રુઓ આવેગગત હોય છે. આવેગ આવે એટલે માણસ તણાઈ જાય અને આવેગ ન હોય ત્યારે શાંતિ. સ્વભાવગત શત્રુઓ કાયમી હોય છે. તે કાલિક નથી હોતા. જેમાં આળસ સૌથી પ્રબળ શત્રુ છે. આળસ એટલે જે સમયસર કર્તવ્ય થવા નથી દેતો તે. કર્તવ્ય કર્મોને કાં તો કરતો જ નથી કાં પછી આગળ ઉપર ઠેલ્યા કરે છે.

કર્મઠ લોકો જે ધનાદિ પ્રાપ્ત કરી શકે છે તે આળસુ લોકો પ્રાપ્ત કરી શકતા નથી. તેમની દરિદ્રતામાં તેમનો આળસુ સ્વભાવ પણ કારણ બને છે. ભર્તુહરિ કહે છે કે ઉદ્યમ સમાન કોઈ મિત્ર નથી. ઉદ્યમ કરનારો કદી દુઃખી થતો નથી. અર્થાત્ પુરુષાર્થી બનો, ઉદ્યમી બનો.

સુવિચાર

- મહોબ્બત પ્રથમ ધર્મ છે જિંદગીનો, મહોબ્બત વિના કોઈ આરો ન આવે, સતત ચાલવું જોઈએ એ દિશામાં, જો થાકી ગયા તો ઉતારો ન આવે - **ગની દહીંવાલા**
- સોચને વાલોં કી દુનિયા... દુનિયા વાલોં કી સોચ સે અલગ હોતી હૈ...!! - **ઓશો**
- સુખ નામનો પદાર્થ જ નથી આઠે બ્રહ્માંડમાં, આવી વાત જે જાણતો નથી એ જ એનું સુખ - **રમેશ પારેખ**
- સરળ આશળ વાળા કદાપિ વિપરીત શંકા કરતા નથી - **હેમચંદ્રાચાર્ય**
- સોનાની સૃષ્ટિ એટલે જડ સૃષ્ટિ, પોતાની સૃષ્ટિ એટલે ચૈતન્ય ફુવારો - **ક્રિષ્નકાંડ ઉનડકટ**
- ચિંતાને ટાળી, ઝીલીને ચિંતનની ડાળી, એ જ આત્મકલ્યાણનો ધોરી માર્ગ છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : માતા બનનારી બહેનો રોજ-૫ કાજુ ખાય તો શિશુનું સ્વાસ્થ્ય સારું રહે છે અને તેના હાડકાં મજબૂત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અનાથ જહોન ડંકનને ખુંધ નીકળી હતી. તેને એક ખેડૂત એના ઢોર ચરાવવા આપતો. એની ઉંમરના એની મશ્કરી કરતા. એને અપમાનિત કરતા. આવા વખતે તેને રળિયામણી પ્રકૃતિનો સહારો મળતો. ખેડૂતનો એકબીજો નોકર ખેતરના ખૂણે રહેતો જે વણાટકામ જાણતો હતો. જહોનને થતું ગરીબી કરતાંય નિરક્ષરતા એ વધુ મોટી ગરીબાઈ છે. તેણે વણાટકામ શીખવા સાથે સાથે તે સોળ વર્ષનો થઈ એક બાર વર્ષની બાળા પાસે અક્ષરજ્ઞાન પણ મેળવવો લાગ્યો. વાંચતા લખતા થતાં તેની જ્ઞાનની ભૂખ ઊઘડી. પ્રકૃતિ સાથેનો અનહદ પ્રેમ એને પ્રકૃતિના અભ્યાસ તરફ લઈ ગયો. વણાટકામમાંથી થોડી બચત કરી તેણે એક વનસ્પતિશાસ્ત્રનું પુસ્તક ખરીદ્યું. કદરુપો નિરક્ષર, ખૂંધ નીકળેલો એ છોકરો સમય જતાં વિદ્વાન વનસ્પતિશાસ્ત્રી બન્યો. એંસી વર્ષની ઉંમરે પણ તે જંગલમાં ચાલવા નીકળી જતો અને નવી નવી શોધ કર્યા કરતો. એણે એની જીવનકથા લખી. જીવનમાં અનુભવેલી યાતનાઓ અને પ્રકૃતિ સાથેના જોડાણની અને સોળમે વરસે અક્ષરજ્ઞાનની શરુઆત કર્યાની વાતો વર્ણવી. સ્પેનના રાજા, ફ્રાન્સના રાજવીઓ તેની આ સંઘર્ષ કથાથી પ્રભાવિત થઈ એને રોકડ ઈનામો મોકલ્યા. જહોન ડંકને આ ઈનામની રકમ અલાયદી રાખી અને પોતાના 'વસીયતનામા'માં લખ્યું કે ગરીબ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક શાસ્ત્રોનો અભ્યાસ કરવાનું બળ મળે એ માટે આ રકમથી ઈનામો અને શિષ્યવૃત્તિ આપવી.' ઢોર ચરાવનાર આ જહોન અનોખું કાર્ય કરી અમર થઈ ગયો.

કોરોનાએ માણસની સાચી ઓળખ કરાવી

તંત્રીસ્થાનેથી...

કોરોના સંક્રમણ માનવીના સાચા સ્વરુપને ખુલ્લું કરવાનું નિમિત્ત બન્યું છે. જીવ માત્રને જીવ વહાલો હોય છે. સ્વજનને કોરોના પોઝિટિવ આવે કે તબીબી સલાહ મુજબ એને અલગ, એકાંતવાસ આપવામાં આવે છે. બધાને એ જ ચિંતા રહ્યા કરે છે કે ક્યાંક પોતાને ચેપ ના લાગી જાય. હોસ્પિટલોમાં બેડ નથી એટલે નાછૂટકે આવા દરદીને ઘરમાં રાખવું પડે છે. માનસિક રીતે આખો પરિવાર ભયભીત રહ્યા કરે છે. વિશેષ તો જયારે એવા દરદી વૃદ્ધ વડીલ હોય ત્યારે પરિવાર એમ જ સમજી લે છે કે પોતે તો મરશે પણ ઘરના બીજા સભ્યોને પણ મારતા જશે. યેનકેન પ્રકારેણ એવા દરદીને હોસ્પિટલ ભેગા કરી દેવાની માનસિકતા જ બાકીના પરિવારજનો પર હાવી રહે છે. હોસ્પિટલમાં દાખલ કરી દીધા પછીય ઈંજેકશન અને ઓક્સિજનની રામાયણ તો ઊભી જ રહે છે. આર્થિક રીતે પરિવારને પાયમાલ કર્યા પછી વડીલની લાશ હોસ્પિટલમાંથી બહાર આવે છે. કોરોના પ્રોટોકોલ મુજબ એને બારોબાર સ્મશાન ભેગી કરી દેવાય છે. કાંધ આપવા માટે પણ પરિવારજનો તૈયાર નથી થતાં. ચેપ લાગી જવાની બીક લાગે છે. કોરોના કયારેક આખેઆખા પરિવારને ભરખી ગયો હોવાના દાખલા પણ છે. આવી વિકટ પરિસ્થિતિમાં ક્યાંક માનવતાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પણ જોવા મળે છે. હિંમત રાખીને કોરોનાના મૃતકને કાંધ આપનારા ભડવીરો પોતાને ચેપ લાગશે એની પરવા કર્યા વિના આવા મૃતદેહોને અંતિમધામ સુધી પહોંચાડતા રહે છે. એથી તદ્દન ઊલટું એવા અનેક દાખલા નોંધાયા છે જયાં પાડોશીઓએ તદ્દન બેહૂદું વર્તન કર્યું હોય. પાડોશણાં મોત થયું હોય પણ બે આશ્વાસનના શબ્દો કહેવા જેટલો વિવેક પણ ન કર્યો હોય. એવા કમનસીબ પરિવારને આખરે પોલીસની અને કોરોના વોરિયર્સની મદદ લઈ પોતાના સ્વજનની અંત્યેષ્ટિ કરવી પડે છે. ગરીબ વૃદ્ધ એની મૃત પત્નીને સાયકલ પર ટીંગાડીને અંતિમવિધિ કરવા નીકળ્યો ત્યારે ગામ લોકોએ એને સ્મશાનમાં જ ન પેસવા દીધો. આખરે પોલીસે મદદ કરીને એની મૃત પત્નીના અગ્નિસંસ્કાર કરાવ્યા. આવી અમાનવીય બાબતો વચ્ચે પેલા ૮૫ વર્ષના વૃદ્ધ વડીલ એક યુવાન દરદી માટે પોતાનો બેડ ખાલી કરી આપે તે કેવી મંગલમયી ઘટના છે! હજી માનવના હૈયે કરુણા, દયા અને ત્યાગ બલકે પોતાનો જીવ જોખમમાં મૂકીને જરૂરિયાતવાળી વ્યક્તિને મદદરુપ થવાની ભાવના અકબંધ છે. કોરોના જેવી પિશાચી બીમારી પણ એ ઉત્કૃષ્ટ ભાવનાને દબાવી શકી નથી એનું એ પ્રત્યક્ષ પ્રમાણ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંસ્કારો ધરાવતા એ વરિષ્ઠ નાગરિકને ખબર હતી કે માંડ મળેલ બેડ ખાલી કરવાથી સીધું મોત જ આમંત્રણ આપવાનું છે. પરંતુ એમણે સંકલ્પપૂર્વક લખી આપ્યું કે મેં મારી જિંદગી જીવી લીધી છે. આ યુવાન દરદીની પત્ની બેડ માટે ધલવલી રહી છે. એ યુવાન જીવે તે જરૂરી છે. એનાં બાળ-બચ્ચાં અને પરિવાર માટે હું સ્વેચ્છાએ મારો બેડ ખાલી કરું છું. ત્રણ દિવસ પછી એ વયોવૃદ્ધ મહાનુભાવે અંતિમ શ્વાસ લીધો પણ પોતે એક જરૂરિયાત વાળા અજાણ્યા પરિવારના કમાનાર માણસને જીવવામાં મદદરુપ થયા એનો એમના હૈયે પરમ સંતોષ હતો. કોરોનાએ દેશ આખાને ભરડો લીધો છે અને ભારતને દુનિયા આખી પોતપોતાના ગજા પ્રમાણે મદદરુપ થઈ રહી છે. સરકારો નિષ્ફળ ગઈ છે એવી વારંવારની અદાલતી ટકોર પછી પણ પરિસ્થિતિ સુધરી નથી. છેલ્લે અલ્લાહાબાદ હાઈકોર્ટે હાથ જોડીને યોગી સરકારને ઉત્તરપ્રદેશનાં મોટા શહેરોમાં લોકડાઉન નાખવા બીજી વાર વિનંતી કરી છે. નેતાઓ કોર્ટનું થોડું જ સાંભળશે? એમણે તો પાર્ટીલાઈન અને હાઈકમાન્ડના આદેશોનો અમલ કરવાનો હોય છે!

॥ રામનામ બિનુ ગિરા ન સોહા ॥

અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

હવે રાવણ અકળાયો - 'એક વાનર અશોક વાટિકામાં આવી ગયો છે. એણે વાડી ઉજાડી નાખી રક્ષકોને તો મારી જ નાખ્યા, પુત્ર અક્ષકુમારને પણ મારી નાખ્યો.'

એણે પુત્ર મેઘનાદને આદેશ કર્યો. 'તું જા. પણ એને મારી ન નાખતો. બાંધીને લઈ આવજે. એ છે કોણ ? મારે જોવું છે.'

એ વાનર હનુમાન હતા. મેઘનાદ આવ્યો પરંતુ એ ફાવ્યો નહીં. અંતે એણે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. હનુમાને પ્રજાપિતાનું સન્માન જાળવવા બંધન સ્વીકારી લીધું.

'વાનર પકડાઈ ગયો અને સભામાં આવે છે.' જાણીને નગરજનો સભામાં કુતૂહલથી દોડ્યા. હનુમાનને જોઈને, રાવણ ચીડાયો, બે ચાર ગાળો ભાંડી.

પછી પૂછ્યું, - 'તું છે કોણ? આ ઉત્પાત શેનો મચાવ્યો છે? તને મારી બીક નથી? મારી સામે આમ ઉન્નત મસ્તકે ઊભો છો?'

હનુમાને જવાબ આપ્યો - 'હું શ્રીરામનો દૂત છું. તું એની પ્રિય પત્નીને ઉઠાવી લાવ્યો છો. તને ખબર છે? આ સૃષ્ટિના સર્જન - પોષણ - વિસર્જન એને પ્રતાપે છે. શેષનગ પૃથ્વીને ધારણ કરે છે. એ એને કારણે છે. તારા જેવા દુષ્ટોને દંડ કરવા એ વારંવાર અવતાર લે છે. મિથિલામાં એણે માત્ર શિવધનુષ્યનો ભંગ નહોતો કર્યો; રાજાઓના ગર્વનો પણ ભંગ કર્યો હતો. તારા ખર, દૂષણ વગેરેને એણે માર્યા છે.'

એની સામે તું કેવો પરાક્રમી છો; એ હું જાણું છું. વાલી અને સહસ્ત્રબાહુ સાથેના યુદ્ધોમાં તે કેવી કીર્તિ મેળવી છે; તે યાદ કરી લે.'

રાવણ આ સાંભળીને ઝંખવાયો. પરંતુ બનાવટી હાસ્યથી વાતને ઉડાવી દીધી.

હનુમાને કહ્યું, 'મને ભૂખ લાગી હતી, એટલે ફળો ખાધા. એમાં વૃક્ષ ઉખડી ગયાં, એ તો અમારો જાતિ સ્વભાવ. પોતાનું શરીહર કોને વહાલું હોય? મને જે મારવા આવ્યા, એને મેં માર્યા.'

તને હાથ જોડીને વિનંતી છે - માતા જાનકીને સોંપી દે. શ્રીરામ તો કાળનો કાળ છે. એની સાથે વૈર ન બાંધ. ઊલટું, એને શરણે આવી જા. તારા બધા અપરાધો માફ કરી દેશે. બસ, પછી તું લંકાનું સામ્રાજય અવિચળપણે ભોગવ અને તારા પલસ્ત્ય વંશને કલંકિત ન બનાવ.

તારી વાણીમાં રામનામ આવી જાય. રામનામ વગર વાણી શોભતી નથી. રામથી વિમુખ હોય, એનાં સંપત્તિ અને સત્તા બંને નકામા. તને ખાથરી સાથે કહું છું - રામ થી વૈર કરે, એને શંકર,વિષ્ણુ કે બ્રહ્મા - કોઈ બચાવી ન શકે એટલે અભિમાન છોડી દે, એને શરણે આવી જા. જાનકી માતાને સોંપી દે.'

ઘમંડી રાવણે મશ્કરીમાં હાસ્ય કર્યું, અને કહ્યું, 'આ મારો ગુરુ વાનર, મહાજ્ઞાની મને ઉપદેશ આપે છે. અરે! આ મૂરખને કોઈ મારી કેમ નાખતું?' આ સાંભળીને સૈનિકો એને મારવા ધસ્યા.

એ જ વખતે વિભીષણે સભામાં પ્રવેશ કર્યો; એને અટકાવ્યો. 'કોઈ પણ સંજોગોમાં, દૂત અવધ્ય છે.' એટલે રાવણે આદેશ કર્યો - 'વાનરને પૂંછડું વધુ વહાલું છે. આના પૂંછડે તેલવાળું કપડું બાંધીને આગ લગાવી દો. પૂછડા વગર આ વાનર ભલે રામ પાસે જતો.'

હવે પુચ્છ સળગાવવાની તૈયારી થવા લાગી.

(આધાર સ્થાન - રામચરિતમાનસ, સુંદરકાંડ; (૧૮ થી ૨૫)

'લોસાંગ' ઉત્સવ કયાં રાજયમાં મનાવવામાં આવે છે?

ખજાનો

અનિલ પટેલ

ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ વાચસ્પતિ પુરસ્કાર કઈ ભાષાની કૃતિ માટે અપાય છે ?
(અ) બંગાળી (બ) સંસ્કૃત
(ક) હિન્દી (ડ) ભોજપુરી

૨ અલી અકબર કૉલેજ ઓફ મ્યુઝિયમ કયાં આવેલ છે ?
(અ) કોલકાત્તા (બ) લખનૌ
(ક) મેરઠ (ડ) આગ્રા

૩ સાંચીનો વિશ્વ વિખ્યાત સ્તૂપ કયાં આવેલો છે ?
(અ) નાથદ્વારા (બ) હરિદ્વાર
(ક) અલ્હાબાદ (ડ) વારાણસી

૪ સ્વાંગ કયા પ્રદેશનું લોકનાટ્ય છે ?
(અ) પંજાબ (બ) જમ્મુ-કાશ્મીર
(ક) હરિયાણા (ડ) ઉત્તરપ્રદેશ

૫ પ્રખ્યાત સંગીત વાદ્ય વાદક રોનુ મજમુદાર કયા વાદ્ય સાથે સંકળાયેલ છે?
(અ) સંતુર (બ) વાંસળી
(ક) તબલા (ડ) વાયોલીન

૬ જાણીતા કલાકાર સુધીર તૈલંગ કયા ક્ષેત્ર માટે મશહૂર હતા?
(અ) કાર્ટૂનીંગ (બ) નાટ્યકલા
(ક) ગીત-સંગીત (ડ) તૈલી ચિત્ર

૭ મહાકવિ કંવર કઈ ભાષાના કવિ હતા?
(અ) મલયાલય (બ) કોંકણી
(ક) ભોજપુરી (ડ) તમિલ

૮ ચક્રધર સમારોહ કયાં યોજાય છે ?
(અ) રાયગઢ (છત્તીસગઢ) (બ) જયપુર (રાજસ્થાન)
(ક) નાસિક (મહારાષ્ટ્ર) (ડ) બેંગ્લરુ (કર્ણાટક)

૯ લોકાયત વાદના પ્રવર્તક કોણ હતા ?
(અ) પાર્શ્વનાથ (બ) શંકરાચાર્ય
(ક) ચાર્વાક (ડ) કણાદ

૧૦ 'મર્ડર ઓફ ડેમોક્રસી' કોની રચના છે ?
(અ) નીરદ ચૌધરી (બ) વિમલ મિત્ર
(ક) સોમદેવ (ડ) બલરાજ મધોક

૧૧ સનક સંપ્રદાયના સ્થાપક કોણ હતા ?
(અ) વલ્લભાચાર્ય (બ) નિમ્બાર્કાચાર્ય
(ક) જમ્ભનાથ (ડ) સ્વામી શ્રદ્ધાનંદ

૧૨ સંત કબીરનો જન્મ કયા સ્થળે થયો હતો ?
(અ) અયોધ્યા (બ) છપૈયા
(ક) વારાણસી (ડ) મથુરા

૧૩ મુખોટા નૃત્ય કઈ નૃત્યશૈલી સાથે સંકળાયેલ છે ?
(અ) કથકલી (બ) ભરટ નાટ્યમ્
(ક) થેરૂકુત્તુ (ડ) કોલકલી

૧૪ 'લોસાંગ' ઉત્સવ કયાં રાજયમાં મનાવવામાં આવે છે ?
(અ) મણીપુર (બ) મેઘાલય
(ક) સિક્કિમ (ડ) આસામ

૧૫ પન્નાલાલ ઘોષ કયા વાદ્ય સાથે સંકળાયેલ છે ?
(અ) સંતુર (બ) વીણા
(ક) હાર્મોનિયમ (ડ) વાંસળી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૩૦ એપ્રિલ : બાળ મજૂરી વિરોધી દિન
  - ભારતીય ચલચિત્ર ઉદ્યોગના પ્રણેતા બાબાસાહેબ ફાળકેનો જન્મદિવસ (૧૮૭૦)
  - વિલિયમ એલેકઝેન્ડર નેધરલેન્ડના રાજા બન્યા (૨૦૧૩)
  - જર્મન તાનાશાહ હિટલર અને તેની પત્નીએ બર્લિનના એક બંકરમાં આત્મહત્યા કરી (૧૯૪૫)
  - મશહૂર ફ્રેન્ચ પેઈન્ટર એડોઉર્ડ માનેટનું અવસાન (૧૮૮૩)
- ૧ મે : ગુજરાત-મહારાષ્ટ્ર સ્થાપના દિવસ / વિશ્વ શ્રમ દિવસ / વિશ્વ હાસ્ય દિવસ
  - હિન્દી ફિલ્મોના વિતેલા જમાનાના અભિનેતા બલરાજ સહાનીનો જન્મદિવસ (૧૯૧૩)
  - ફિલ્મ અભિનેત્રી અનુષ્કા શર્માનો જન્મદિવસ (૧૯૮૮)
  - 'ફર્સ્ટ લેડી ઓફ રેડિયો' તરીકે મશહૂર બનેલ અમેરિકન સિંગર કેટે સ્મિતનો જન્મદિવસ (૧૯૦૯)
  - સ્પેનિશ અને અમેરિકન વોર 'બેટલ ઓફ મનીલા બે'નો અંત આવ્યો (૧૮૯૮)
- ૨ મે :
  - ચિત્રકાર અને વૈજ્ઞાનિક લિયોનાર્ડો દ વિન્ચીનું નિધન (૧૫૧૯)
  - ભારતીય ફિલ્મોના પિતામહ સત્યજીત રે નો જન્મદિવસ (૧૯૨૧)
  - ઈમ્પ્રેશ ઓફ રશિયા કેથેરીન-૨નો જન્મદિવસ (૧૭૨૯)
  - ઓસામા બીન લાદેનને અમેરિકાએ પાકિસ્તાનમાં મારી નાખ્યો (૨૦૧૧)
- ૩ મે : વિશ્વ ઉર્જા દિવસ
  - પદ્મ વિભૂષણ સન્માનિત ડૉ. ઝાકીર હુસૈનનું નિધન (૧૯૬૯)
  - માર્ગારેટ થ્રેચર બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર તરીકે ચૂંટાયા (૧૯૭૯)
  - મશહૂર અમેરિકન સિંગર પેટે સીંગરનો જન્મદિવસ (૧૯૧૯)
  - ફોર્ટ મેકમેરી આલ્બર્ટો ખાતે દાવાનળ લાગતાં કરોડો રૂપિયાનું કેનેડાને નુકશાન થયું (૨૦૧૬)
- ૪ મે : વિશ્વ અસ્થમા દિવસ / પ્રેસ સ્વતંત્રતા દિવસ
  - ગુજરાતી સાહિત્યના સમર્થ નાટ્યકાર ચંદ્રવદન મહેતા (ચં.ચી. મહેતા)નું નિધન (૧૯૯૧)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના બનારસ ઘરાનાના તબલા વાદક પંડિત કિશન મહારાજનું નિધન (૨૦૦૮)
  - બેલ્જિયમમાં જન્મેલા બ્રિટીશ એકટ્રેસ ઔડી હેપબર્નનો જન્મદિવસ (૧૯૨૯)
  - અમેરિકાના શિકાગો શહેરમાં પોલીસ અને મજૂરો વચ્ચે ભયંકર હુલ્લડ થયું (૧૮૮૬)
- ૫ મે :
  - સુરેન્દ્રનાથ બેનરજી પત્રકાર તરીકે જેલમાં જનાર પ્રથમ વ્યક્તિ બન્યા (૧૮૩૩)
  - નેપોલિયને એલ્બા નામના આયર્લેન્ડને કબજે કર્યો (૧૮૧૪)
  - પ્યુબેલા યુદ્ધમાં મેક્સિકોની જીત થઈ (૧૮૬૨)
  - જર્મન ફિલોસોફર કાર્લ માર્કસનો જન્મદિવસ (૧૮૧૮)
- ૬ મે :
  - શૂટીંગ ખેલાડી ગગન નારંગનો જન્મદિવસ (૧૯૮૩)
  - મહિલા વિકાસનો મશાલની મૂદુલા સારાભાઈનો જન્મદિવસ (૧૯૧૧)
  - ઓસ્ટ્રેલિયન મનોવૈજ્ઞાનિક સિગ્મન્ડ ફ્રોઈડનો જન્મદિવસ (૧૮૫૬)
  - માત્ર ચાર જ મિનિટમાં એક માઈલ અંતર કાપનાર રોજર બેનીસ્ટર (બ્રિટન) પ્રથમ ખેલાડી બન્યા. (૧૯૫૪)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

હરિયાણા સરકારમાં હાલમાં આરોગ્ય મંત્રી કોણ છે ?

જવાબ : અનિલ વીજ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) શિવાંગ બી પટેલ : સરગાસણ (૨) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૩) મેહુલ જાની : સે-૬ (૪) ઋજિત રાવલ : સે-૭ડી (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪

આ સપ્તાહનો સવાલ

કોવિશીલ્ડ રસી કઈ ફાર્મા કંપની બનાવે છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

'જાન કર ભી અનજાન' હોય એનું શું થઈ શકે?

હળવે હૈયે

પ્રકાશ લાલા

'હાંક... છી....'

અમે છીંક ખાધી. એથી ગભરાઈ ઉઠેલાં શ્રીમતીજી તરત બોલી પડ્યાં : 'સાચવો, ભાઈસાબ!'

'અરે પણ છીંક આવે એમાં માણસ શું કરે? છીંક આવવી એ તો કુદરતી પ્રક્રિયા છે. એ ખાવી કે ના ખાવી એ મારા હાથમાં થોડું છે... હા, તું ખાવાની સરસ આઈટેમ ધરે અને હું ઝાપટવા માંડુ ને તું કહે કે 'સાચવો.... બસ હવે નથી ખાવાનું...' તો બરાબર છે પણ છીંકમાં મારે શું સાચવવાનું, હેં ?'

'અરે અત્યારે છીંક આવે કે સાંદા શરદી-કફ થયેલાં જોઈને ય ફફડી જવાય છે... અને કેવા કેવા વિચારો આવી જતા હોય છે... એટલે બોલી જવાયું કે સાચવો, સમજ્યા ?'

અમે કંઈ સમજીએ એ પહેલાં, અમારો - શ્રીમાન અને શ્રીમતીજીનો - આ વાર્તાલાપ સાંભળીને, ઘરમાં કામ કરી રહેલો રામલો - રામજી કહે : 'સાહેબ, બહેનની વાત સાચી છે... અત્યારે તો છીંક ખાઈએ, ઉધરસ આવે તો ય લોકો આપણને કોરોના થઈ ગયો છે માનીને દૂર ભાગવા માંડે છે...'

'હં... એટલે જ છીંક ના આવે, નાક ના નિતરે ને ખાંશી ના થાય એનું ધ્યાન રાખવાનું કહું છું ને...' શ્રીમતીજીએ એમની રેકર્ડ ચાલુ રાખી.

એટલે રામજીએ પણ ચલાવ્યું : 'અત્યારે અમને રામલાઓને ભૂલેચૂકે છીંક કે ખાંસી આવી તો જે ઘરે કામ કરતાં હોઈએ એ ઘરવાળી ગભરાઈ જઈને કહી દે છે કે રામુભાઈ, કામ પડી રહેવા દો... તમે જાવ... હમણાં ના આવશો... આરામ કરો...'

'હા સ્તો... કહી જ દેવું પડે ને... ક્યાંક કોરોનાની અસર હોય તો ઘરનાં બધાં હેરાન થઈ જાય કે બીજું ?' શ્રીમતીજી ઉવાચ...

પણ રામુની વાત સાંભળી અમને મજાક સૂઝી... અમે કહ્યું : 'રામજી, આ તો ખરું... તમારે લોકોને રજા જોઈતી હોય તો ખોટેખોટી ખાંસી - ઉધરસ ખાવાનાં કે ફટ દઈને રજા...'

'અરે સાહેબ, પહેલાં તો અમે ગામડે જવાનું હોય ને રજા માંગીએ તો બહેનો ના જ પાડી દે... કકળાટ કરી મૂકે ને કહે કે જવું હોય તારા બદલે કોઈને કામ કરવા મૂકીને જજે... નહીં તો નહીં... પણ હવે, કોરોનાની બીકે બહેનો બદલામાં કોઈ અજાણ્યાંને મૂકીને જવાની વાત જ નથી કરતાં...'

'તે એ ખોટી વાત છે? બીજો નોકર કોરોનાવાળો આવી જાય તો અમારું આવી જ બનેને!' શ્રીમતીજીએ બહેનોની તરફેણમાં દલીલ કરી.

રામુ બોલ્યો : 'એટલે એક રીતે જોઈએ તો કોરોનાએ અમને થોડી રાહત કરી આપી છે...'

'અલ્યા, રાહત નહીં, કોરોનાએ તો બધાંને પરેશાન કરી મૂક્યાં છે એમ કહે...'

'હા, સાહેબ... આ તો ગમ્મતમાં બોલ્યો છું... બાકી તો અમેય ને બધાયે ફફડી ગયા છીએ...'

'એટલે જ કહું છું કે કોરોનાનો કહેર જ એવો છે કે છીંક - ઉધરસના નામ માત્રથી ધ્રૂજી જવાય છે... માટે સાચવો...' શ્રીમતીજી વાતનું સમાપન કરતાં અમારી છીંક - શરદી - ઉધરસ માટે આદુ-હળદરનું પાણી, શીતોપલાદી વગેરેની વ્યવસ્થા કરવા અંદર ગયાં...

કોરોનાથી ગ્રસ્ત અને ત્રસ્ત અને એના 'આફટર શૉકસ' જેવા સમાચારો જોઈ - વાંચી - સાંભળીને ભયભીત બનેલા આપણે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે 'હે ઈશ્વર, હવે ખમૈયા કરો... હે દયાનિધિ, હજી કેટલાના ભોગ લેવા છે? કેટલાને અમારી પાસેથી છીનવી લેવા છે? અમે શારીરિક, માનસિક, આર્થિક બધી રીતે ત્રાહિમામ પોકારી ગયા છીએ તે પ્રભુ, તમને દેખાતું નથી? હે કૃપાળુ પ્રભુ, હવે દયા કરો...' વગેરે... વગેરે...

બધી ખબર છે - એના ધ્યાન બહાર કેમ કશું હોઈ શકે? પણ એ નીલી છત્રીવાળો - ઉપરવાળો 'જાન કર ભી અનજાન હૈ...' જાણીને ય અણજાન રહેવા પાછળ જગતનિયંતાનો શો ઈરાદો છે તેની ખબર આપણને નથી...

પણ આપણી આજુબાજુ કેટલાક 'જાન કર ભી અનજાન' લોકો વસે છે એને શું કહેવું ?

અમારા ઘર પાસેથી જતા એક દૂરના પડોશીને અમે ઓટલા પરથી, દો ગજકી દૂરી રાખીને જ પૂછ્યું : 'પ્રતીકભાઈ, રસી લઈ લીધી ને?'

'ના.... હોં...' મોંમાં ભરેલા માવાના રસની પીચકારી મારીને બોલ્યા : 'રસી ના લેવાય... રસી લેવાથી તબિયત બગડે છે ને એ લીધી હોય તોય કોરોના તો થાય જ છે...' તમાકુ ચાવતા ચાવતા એ બોલ્યા...

'કોણે કહ્યું ?'

'મેં છાપામાં વાંચ્યું છે અને મારા એક બે પરિચિતોએ થયું ય છે...'

'પણ આવું કેટલા ટકાને થાય છે? ને રસી લેનારને કોરોના થાય તો ય જલ્દી રીકવરી આવી જાય છે એ રિપોર્ટ વાંચ્યા છે?'

એ ભાઈ કંઈ બોલ્યા નહીં ને માવો મમળાવતા રહ્યા.

અમે કહ્યું : 'તમાકુ ખાવાથી કેન્સર થાય છે એળું તમે વાંચ્યું - જાણ્યું હશે તોય કેમ ખાવ છો?'

'તમાકુ ખાનારા બધાને કંઈ કેન્સર નથી થતુ...' એમણે ઉત્તર આપ્યો...

લો, બોલો! માણસને દરેક જાણકારી - માહિતી હોય જ છે પરંતુ એનું પોતાની 'ફેવર' માં જે પ્રકારે અર્થઘટન કરવું હોય એ રીતે કરતો રહે છે અને પછી એ પ્રમાણે માનતો ને વર્તતો રહે છે! અને પોતાની વાતને વળગી રહે છે... હવે તમે જ કહો : ઉંઘતા ને જગાડી શકાય પણ જાગેલા ને જાણતલને કેમ જગાડવા - જણાવવું ?!